## PRESS COVERAGE:

**PUBLICATION NAME: NAV GUJARAT SAMAY (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 18-06-2018**
**PAGE NO. 04**
**TOTAL SQ. CM. 86**
**TITLE:** ***Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school***

---

# ખંભાળિયા, લાલપુરની 226 શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કિટનું વિતરણ

નવગુજરાત સમય > જામનગર

નયારા એનર્જી લિમિટેડએ રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩ હજાર વિદ્યાર્થીઓને સ્કુલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિત લાવવા માટે સ્વચ્છતા કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી હતી.



સામાજીક ઉતરદાયિત્વના નાતે રિફાઇનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરી રહી છે. દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિ. એ દર વર્ષની માફક સહભાગી બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઇ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અને હાઇજીન કીટનું વિતરણ કર્યુ હતું.